સમાજ સેવાના ક્ષેત્રે મોડાસાના ગાયત્રી ચેતના કેન્દ્રની નવી પહેલ

સમાજના જરૂરિયાતમંદોની મદદ માટે પૂરક શિક્ષણ વર્ગનો શુભારંભ

મોડાસા, તા.૪

કોરોનાની મહામારી સામે શિક્ષણ ક્ષેત્રે ઘણી મોટી રુકાવટની સ્થિતિ સર્જાઈ. જે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સુરક્ષા હેતુ સાવચેતી માટે પણ ખૂબ જરૂરી હતું. હવે આ વિકટ સમયમાંથી શિક્ષણ જગત પણ ધીરે ધીરે હળવાશ સાથે અગાઉની જેમ ગાડી પાટા પર આવી રહ્યું છે. ત્યારે અરવલ્લી જિલ્લા ગાયત્રી પરિવારના સંયોજકશ્રી હરેશભાઈ કંસારાએ માહિતિ આપતા જણાવ્યું કે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પૂરક શિક્ષણ સહાયરુપ થવા મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર એ નવી પહેલ કરી છે. જેમાં પ્રથમ તબક્કામાં ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓને શિક્ષણ અભ્યાસક્રમમાં સહાયરૂપ થવા ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે પૂરક શિક્ષણ વર્ગોનો ત્રણ ઓક્ટોબર, રવિવારથી શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં નિષ્ણાંત શિક્ષકો દ્વારા અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાન વિષયોનું પૂરક શિક્ષણ આપવા આયોજન કરવામાં આવ્યું છે. જે દર રવિવારે સવારે ૯થી૧૨ દરમિયાન નિઃ શુલ્ક સેવાભાવે પૂરક શિક્ષણ વર્ગ ચલાવવા આયોજન કરાયુ છે. જેમાં સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે ધોરણ ૧૦ના ત્રીસ વિદ્યાર્થીઓના પ્રવેશ સાથે ૩ ઑક્ટોબર, રવિવારે સવારે શુભારંભ કરવામાં આવ્યો. ગાયત્રી પરિવાર, મોડાસાના પ્રમુખશ્રી ધર્માભાઈ પટેલ તથા અગ્રણી કાર્યકર તેમજ અંગ્રેજી વિષયના નિષ્ણાંત નિવૃત આચાર્યશ્રી નવિનભાઈ ત્રિવેદી

તથા ગણિત અને વિજ્ઞાન વિષયના નિષ્ણાંત શિક્ષકશ્રી પંકજભાઈ પ્રજાપતિનો આ કાર્ય સફળ બનાવવામાં સેવાભાવનો સિંહફાળો રહ્યો છે. આ પવિત્ર નિઃશુલ્ક સમાજ સેવાના શુભારંભમાં કુંભેરા હાઈસ્કૂલના પૂર્વ આચાર્યશ્રી કિરિટભાઈ ઉપાધ્યાય, સરસ્વતી વિદ્યાલય, મોડાસાના પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી વિનોદભાઈ પટેલ , આદિવાસી માધ્યમિક શાળા આંબલિયાના નિવૃત ઈન્ચાર્જ આચાર્યશ્રી અમૃતભાઈ પટેલ, સાયરા હાઈસ્કૂલના આચાર્યશ્રી દિનેશભાઈ ગુર્જર તથા મોડાસા નગરપાલિકાના પૂર્વ પ્રમુખશ્રી શીવુભાઈ પટેલ, ગાયત્રી પરિવાર યુવા સંગઠન ગુજરાતના સંયોજકશ્રી કિરિટભાઈ સોની ઉપસ્થિત રહી દિપ પ્રજ્વલિત કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. વિશેષ ઉપસ્થિતશ્રી કિરિટભાઈ ઉપાધ્યાય એ પોતાના ઉદ્‌બોધનમાં ગાયત્રી પરિવાર દ્વારા આ શિક્ષણ જગતમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાયરૂપ થવાની ભાવનાને ઉમદા કાર્ય ગણાવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓને પોતાના શૈક્ષણિક જીવનમાં સમયનો ભરપૂર સદુપયોગ કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. શ્રી વિનોદભાઈ પટેલે ગાયત્રી ચેતના કેન્દ્ર જેવાં દિવ્ય આધ્યાત્મિક વાતાવરણમાં આ પૂરક શિક્ષણ લેવા બદલ વિદ્યાર્થીઓને અનુપમ અવસર ગણાવ્યો હતો. શ્રી કિરિટભાઈ સોની એ રાષ્ટ્રના ભાવિ કર્ણધાર એવા વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સાથે દરેક વિદ્યાર્થીએ પોતાના ઉત્તમ લક્ષ ઉંચું રાખી મન દઈને મહેનત કરવા જરુરી માર્ગદર્શન આપ્યું હતું. શ્રી અમૃતભાઈ પટેલે પણ પોતાના જીવનની ઘટના વર્ણવી વિદ્યાર્થીઓનું મનોબળ વધાર્યું હતું. આ આયોજનમાં વિશેષમાં સોમાભાઈ બારોટ, કાન્તિભાઈ ચૌહાણ, અરવિંદભાઈ કંસારા, રશ્મિભાઈ પંડ્યા, દિપકભાઈ ભટ્ટ, દિનેશભાઈ ભાવસાર, રાકેશભાઈ પટેલ તેમજ મંજુલાબેન ચૌહાણ, કિરણબેન ભાવસાર, અમિતાબેન પ્રજાપતિ, રમાબેન પંડ્યા, રેખાબેન સુથાર, સુધાબેન પંચાલ, શારદાબેન ભાવસાર વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

રણજીતપુરાકંપાનો યુવાન ભદ્રેશ પટેલ યાદશક્તિમાં માહિર 'ચાણક્ય' બન્યો

ગાંભોઈ, તા.૦૪

એકવાર વાંચન કર્યા બાદ એ જ માહિતી અને અન્ય વિગતોને યાદ રાખી ફટાફટ મૌખિક બોલી જતો અને જનરલ જ્ઞાન ધરાવતો મૂળ સાબરકાંઠાનો વતની અને હાલ મહિસાગર જિલ્લાના રણજીતપુરાકંપામાં આધુનિક ખેતી સાથે સંકળાયેલા ૩૪ વર્ષીય યુવાન ભદ્રેશ શાંતિલાલ પટેલ અને કુદરતી યાદ શક્તિ આપી જનરલ જ્ઞાનમાં ચાણક્ય બનાવી સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે. ભદ્રેશ પટેલ ગુજરાતના ૩૩ જિલ્લા, ૨૪૮ તાલુકા, ભારતના ૨૮ રાજ્યો અને ૭ કેન્દ્ર શાસિત પ્રદેશોના નામ તથા તેના પાટનગરના નામ, ગુજરાતમાં ૩૮ આરટીઓ કચેરીના નામ વગેરે માહિતી મૌખિક કડકડાટ સેકન્ડના સમયમાં સચોટ વિગતો મોઢે રજૂ કરી દે છે. આ ઉપરાંત રાજકીય ઘટનાઓની તારીખ અને સમય પણ બતાવે છે. આ હાજર જવાબી ચાણક્ય ગુજરાત વિધાનસભાના ૧૮૨ ધારાસભ્યોના નામ, તેનો મતવિસ્તાર, બેઠક નંબર, ધારાસભ્યનો હોદ્દો અને મંત્રીપદના ખાતાની જવાબદારી વગેરે સંપૂર્ણ માહિતી પૂછતાની સાથે જ મૌખિક જવાબ આપી જણાવે છે. પોતાના ગામના તમામ વાહનોના નંબરો, દરેક વ્યક્તિના મોબાઈલ નંબરો અને ખેતરના સર્વે નંબરોની આંકડાકીય સાચી માહિતી તુરંત આપી દે છે. એક વખત વાંચન બાદ કોમ્પ્યુટરની જેમ મગજમાં ડેટા એન્ટ્રી ફિટ થઈ જાય છે. એવા 'કોમ્પ્યુટર માઈન્ડ મેન' ભદ્રેશની સ્મરણશક્તિના કુદરતી આપેલા આગવા કૌશલ્યથી પ્રભાવિત ગ્રામ્ય અને શહેરીજનોને ભારે આશ્ચર્ય ચકિત કરી દીધા છે. આઈ.ટી.આઈ.,એ.ટી.ડી અને એમ.એ.નો અભ્યાસ સાથે ગ્રેજયુએશન કરેલ ચાણક્ય ભદ્રેશ પટેલ જણાવે છે કે મને નાનપણથી જ પુસ્તકો અને વર્તમાનપત્રો વાંચવાનો મારો શોખ મારી અંગત યાદશક્તિમાં પરિણમ્યો છે. 'મને જે કુદરતે સ્મરણ શક્તિ આપી છે તે શક્તિને જાહેર જનતા સમક્ષ વ્યક્ત કરવામાં મને આનંદ આવે છે.' કોમ્પ્યુટર માંડ મેન ભદ્રેશની અનોખી યાદદાસ્તને અજબ શક્તિનો નજારો માણવા સોશિયલ મીડિયા પર ખૂબ જ લોકચાહના સાથે ચર્ચાનું કેન્દ્ર બનેલ છે.

વાંચન કર્યા બાદ કોઈપણ માહિતી મોઢે રાખવાની અનોખી યાદદાસ્ત... : 'કોમ્પ્યુટર માઈન્ડ મેન' બનતા ટીવી ચેનલો અને સોશિયલ મીડિયામાં છવાયો...

જન્મદિને વધામણી



ડો. બિપીનભાઈ એમ.શાહ
વલ્લભનગર સોસાયટી
બાયડ

જીગર કોઠારી
ધનસુરા

એમ. જે.ચૌધરી
બાયડ

ધ્રુવ હેમંતકુમાર ભાવસાર
સ્વામિનારાયણ સોસાયટી
બાયડ

રમેશભાઈ એમ.પટેલ
નિવૃત્ત ડેપ્યુટી કમિશનર,
વડોદરા કોર્પોરેશન
વડોદરા (આફ્રીદ)

આશિષભાઈ એન. પંડ્યા
પત્રકાર, ગાંધીનગર
સમાચાર,
હિંમતનગર (ઘડી)

બોલુંદરા શ્રી કૃષ્ણાશ્રમમાં સદા સર્વદા ચાલતી યજ્ઞનારાયણ પૂજાની એક ઝલક

ભિલોડા,તા.૦૪

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં બોલુંદરા ગામે મેશ્વો કાંઠે શ્રી કૃષ્ણાશ્રમમાં યજ્ઞનારાયણ ભગવાનની લગાતાર એકસો વર્ષથી પૂજા-અર્ચના થઈ રહી છે.આ આશ્રમમાં કોઈપણ તહેવાર,પર્વ અને ધાર્મિક ઉત્સવોની અનોખી ઉમંગે ઉજવણી કરવામાં આવે છે.હાલ પ. પૂ. અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસ અને અગ્નિહોત્રી જાહ્નવીબેન વ્યાસના સાન્નિયે આ આશ્રમ અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થકી ધમધમી રહ્યો છે.

સામાજિક,શૈક્ષણિક અને ધ્રાર્મિક સેવા પ્રવૃતિઓ અને અન્નક્ષેત્ર થકી ભૂખ્યા જનોની જઠરાગ્નિ ઠારવાની સેવા ઘેર બેઠાં ટિફિન પહોંચાડી કરવામાં આવે છે. અહીં વૈદિક સંસ્કૃત પાઠશાળામાં એસ.એસ.સી અને ધો.૧૨ ના પરિણામો ૧૦૦ ટકા આવે છે.ગુરુકુળ જેવી સુવિધાઓ સભર પાઠશાળામાં વૈદિક સંસ્કૃતનું જ્ઞાન પીરસાય છે,વિષય નિષ્ણાંત ગુરુજીઓ શિક્ષણ ની સાથે

શિસ્ત,સત્ય,પ્રામાણિકતા અને વૈદિક પરંપરા જીવંત રાખતા મૂલ્યનિષ્ઠ પાઠ ભણાવાય છે.બોલુંદરા શ્રીકૃષ્ણાશ્રમમાં આ જિલ્લામાં અનોખી સેવા પ્રવૃતિઓ અને સંસ્કાર પીરસતી આ સમયની માંગ સમાન પાઠશાળા એક ગૌરવ સમાન છે.

કાંકરેજ તાલુકાના કસલપુરા ગામની બનાસ નદીના પટમાંથી રેતી ખનન ઝડપાયું

પાલનપુર,તા. ૪

કાંકરેજ તાલુકાના કસલપુરા ગામની સીમમાંથી પસાર થતી બનાસ નદીના પટમાં થી બિન કાયદેસર રીતે રેતી ખનન કરતા ભૂમાફિયા સામે ગાંધીનગર ખાણખનીજ અને ભૂસ્તર વિભાગ ના અધિક નિયામક ફ્લાઈંગ સ્કોડ ની ટીમ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવતાં કાંકરેજ ના કસલપુરા ગામની બનાસ નદીમાં બિન કાયદેસર રીતે પાસ પરમીટ ની પાંચ ટર્બો ટ્રક ઝડપી પાડી ને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં ભૂમાફિયા માં ફફડાટ ફેલાયો હતો ત્યારે લાખો રૂપિયાની રોયલ્ટી ની ચોરી કરતાં તત્વો સામે લાલ આંખ કરતાં પાલનપુર ભૂસ્તર વિભાગ ની ઊંઘ

હરામ થઈ ગઈ છે ત્યારે બનાસ નદીમાં છાછ વારે આ રીતે રેતી ખનન બાબતે રેડ કરવામા આવે છે પરંતુ સ્થાનિક તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી અને પત્રમ પુષ્પામ કરી હમા ની લ્હાયમાં બનાસ નદી ની ઘોર ખોદી કાઢીને બનાસ નદી ને તળિયા ઝાટક કરી નાખી છે ત્યારે હવે ખાણખનીજ વિભાગ ગાંધીનગર. પાટણ.બનાસકાંઠા ના અધિકારીઓ કયારે કુંભ કર્ણ ની નિંદ્રામાંથી જાગશે અને હવે કોણ આ અંગે ઘટતું કરશે તે અંગે યક્ષ પ્રશ્ન છે જોકે રાત દિવસ શિહોરી પાટણ હાઈવે રોડ ઉપર ટર્બો ટ્રક રેતી ભરીને જતી જોવા મળે છે ત્યારે તાડપત્રી ઢાંક્યા વગર હોય છે ત્યારે નાના વાહન ચાલકો અને રાહદારીઓ ને આના કારણે કેટલાય અકસ્માત સર્જાતા હોયછે અને ઘણા લોકો ને આ રેતી ભરીને જતાં ટર્બો ટ્રક દ્વારા કચડી નાખવા માં આવેલ છે ત્યારે હવે લોકો ના મુખે અનેક પ્રકારના પ્રશ્નો ચર્ચાનો વિષય બનવા પામ્યા છે ત્યારે શું હવે સ્થાનિક તંત્ર દ્વારા હપત્તા બંધ કરી ને યોગ્ય રીતે કામગીરી કરવામાં આવશે કે કેમ? તે જોવું રહ્યું.

રક્તદાન મહાદાન

રૂ. ૫૦ લાખના બજેટ સામે ૧૨ કરોડ આપ્યા

હિંમતનગર સ્ટેટ સિંચાઈ વિભાગના કામોની વિજિલન્સ તપાસ જરૂરી

હિંમતનગર તા. ૪

હિંમતનગર સ્ટેટ સિંચાઈ શાખામાં રૂ. ૫૦ લાખના બજેટ સામે રૂ. ૧૨ કરોડની અધધ... ખેરાત કર્યાની ગરમાગરમ લોકચર્ચાથી હલચલ મચી છે. તા. ૩૦ જૂનના રોજ અધિકારી નિવૃત્તિ થવાના હતા તેમણે નિવૃત્તિના એક દિવસ અગાઉ રૂ. ૮૦ લાખની ગ્રાન્ટ આપી દીધી અને બીજા દિવસે ગ્રાન્ટ ચેકનું ક્લિયરન્સ પણ થઈ જતા સ્ટેટ સિંચાઈ શાખાના કામમાં અનહદ ભ્રષ્ટાચારની આશંકાથી વિજિલન્સ તપાસ જરૂરી હોવાનું અનેક લોકો માની રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સિંચાઈ વિભાગના કામોમાં વ્યાપક ગેરરીતિઓથી પ્રજાને નુકશાન - ભ્રષ્ટ અધિકારીઓને ફાયદો થઈ રહ્યો છે. તાજેતરમાં હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળના અધિક્ષક એન.વી. કોટવાલ અને કેટલાક સરપંચો સાથે બોલાલાચી થયા પછી અનેક ચોકાવનારી વિગતો બહાર આવી શકે છે. બાહાર આવેલી સ્ફોટક વિગત અનુસાર વિભાગના અધિકારી દ્વારા જળ અભિયાનની રૂા. ૧ કરોડની ગ્રાન્ટ કલેકટરની પૂર્વ મંજુરી વગર હેડ બદલીને વાપરી નાખવામાં આવી છે. કરોડોની ગ્રાન્ટમાં ડેમ - કેનાલની મરામત વગેરેનો ઉપયોગ કરવાનો હોય છે. પરંતુ કોન્ટ્રાકટરો-અધિકારીઓની મિલીભગતથી સ્ટેટ સિંચાઈ વર્તુળોમાં અનહદ ભ્રષ્ટાચાર ફૂલ્યો ફાલ્ય છે. ત્યારે રાજયના મુખ્યમંત્રી હિંમતનગર સ્ટેટ સિંચાઈ શાખામાં ઉઠેલી ફરિયાદની નિષ્પક્ષ તપાસ કરાવાય તો સમગ્ર ડિપાર્ટમેન્ટમાં હલચલ મચી જાય તેવી વિગતો સામે આવી શકે છે.

અધિક્ષક સામે સવાલ - માઝૂમ-મેશ્વોની નહેરોની મરામત કામગીરી કેમ ખોરંભે

હિંમતનગર, તા. ૪

હિંમતનગર સ્ટેટ સિંચાઈ યોજના વર્તુળના અધિક્ષક સામે સરપંચોએ રોષ પ્રગટ કરી ગાંધીનગર સુધી ફરિયાદ પહોંચાડી છે જયારે અધિક્ષક ઈજનેર માત્ર ભિલોડા તાલુકાના કામોને અગ્રતા આપે છે. બાયડ - માલપુર - મોડાસા - મેઘરજના કામોને પ્રાધાન્ય આપતા નથી જિલ્લાના માઝુમ - મેશ્વો જળાશયની ૨૫ વર્ષથી જર્જરીત કેનાલના રીનોવેશનના એસ્ટીમેન્ટ દબાવી રાખ્યાના પણ આરોપ લાગ્યા છે.

નિવૃત્તિના એક દિવસ અગાઉ અધિકારીને રૂા. ૮૦ લાખની ગ્રાન્ટ ફાળવી, બીજા દિવસે વિતરણ પણ કરી નાખ્યું : ટોચના અધિકારીઓ સુધી રેલો પહોંચવાની દહેશત

અંબાવાડાનો યુવાન આર્મીમાં જોડાતા બહુમાન કરાયું

ગાંભોઈ, તા.૦૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના અંબાવાડા ગામના યુવાન પંકજસિંહ જગતસિંહ મકવાણા આર્મીની ભરતીમાં સિલેક્ટ થઈ છ મહિનાની ટ્રેનિંગ પૂરી કરી વતનમાં આવતા ગ્રામજનો દ્વારા તેમનું બહુમાન કરવાનું આયોજન કરાયું હતું. જેમાં ભાજપના બક્ષીપંચ મોરચાના તાલુકા અધ્યક્ષ વનરાજસિંહ રાઠોડ, ઉપપ્રમુખ અમૃતસિંહ મકવાણા, ઉપપ્રમુખ લાલસિંહ મકવાણા, વાવડી સરપંચ હિંમતસિંહ મકવાણા તેમજ ગ્રામપંચાયત સરપંચ, સભ્યો અને ગામ આગેવાનોએ બહુમાન કરી શુભેચ્છા પાઠવી હતી.

બાયડના બિલ્લાને સુરાતન ચઢ્યું, સલાહકારે કહ્યું દર્પણમાં નહી, ગટરનાં પાણીમાં મોઢું જોઈ લે...!!

હિંમતનગર તા. ૪

બાયડના જાતે બની બેઠેલા બિલ્લાને સુરાતન ચઢ્યું છે... સલાહકાર સારો મળ્યો છે એટલે કહ્યું દર્પણમાં નહીં પરંતુ ગટરનાં પાણીમાં મોઢું જોઈ લે તેથી તને લજ્જા ના આવે....!!

પાછલા કેટલા દિવસથી બિલ્લાના મનમાં કંઈક કરવાની પ્રેતાત્મા હાવી થઈ છે.... સવાર સાંજ જ્યાં ને ત્યાં દોડા-દોડ શરૂ કરી છે કહેવાય છે કે બિલ્લાને હવે નિરાંતે ઉંઘ આવતી નથી... ઊંઘ બે રીતે ન આવે.... પોતાનું ધાર્યું ન તાય.... કાં તો ખોટું કર્યું હોય તે ઉઘાડી પડી જવાની બીકથી આવું બને....!! પણ બિલ્લો માનતો નથી એને તો બસ સુરાતન ચઢ્યું છે.... પણ શાનું સુરાતન...!! એ તો એને પણ ખબર નથી... બિલ્લાને છેવટે તેના સલાહકારને પૂછ્યું.... આમાં કેવું... રહે... હાજર જવાબી બિરબલ જેવા સલાહકારે કહ્યું કશામંય ઉતાવળ ન કરવી... અત્યારે ભાદરવો મહિનો ચાલો છે... રોડ ઉપર ઠેર ઠેર કૂતરાં મોતને ભેટી રહ્યા છે... તેની પણ કોઈ નોંધ લેતું નથી.... અત્યારે તો સરકારે રોડ ઉપર ખાડા પુરવાનું અભિયાન શરૂ કર્યું છે એમાં મોટો ખાડો હશે તો મટેરિયલ્સની જગ્યાએ મૃત કૂતરાને નાખી તેના ઉપર ડામરનું પેંચવર્ક થઈ જશે તો આ અસ્થિ પણ નહીં મળ્યાં જેવી સ્થિતિ છે... જો સુરાતન ચઢ્યું હોય તો દર્પણમાં જોવાની જરૂર નથી. ગટરમાં મોઢું જોઈ લે..!! જેથી તેમાં રૂપાડું દેખાય.

જિલ્લો ડેન્ગ્યુના અજગરી ભરડામાં, શંકાસ્પદ ૭૦૦ થી વધુ કેસ

બાળરોગ હોસ્પિટલો ડેન્ગ્યુના બાળદર્દીઓથી ઊભરાઈ : બાયડ - મોડાસામાં ચિંતાજનક સ્થિતિ, લાપરવાહી ભારે પડી શકે

બાયડ તા. ૪

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય દફતરે જનઆરોગ્ય સુખમય જેવું દેખાય છે વાસ્તવમાં એવું નથી અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુનો અજગરી ભરડો પ્રસરી રહ્યો છે. શંકાસ્પદ ૭૦૦ થી વધુ કેસ હોવાની શક્યતા છે. જિલ્લામાં આવેલ બાળ રોગની નાની-મોટી તમામ હોસ્પિટલો બાળદર્દીઓથી ઊભરાઈ રહી છે. રોગચાળો ચોમાસા દરમિયાન વધુ વકરતો હોય છે. આ વર્ષ મચ્છરજન્ય રોગચાળો ઓગસ્ટથી હાવી થયો છે. શહેરી વિસ્તારમાં વધતી ગંદકી અને એડિસ મચ્છરોનો ઉપદ્રવ શંકાસ્પદ ડેન્ગ્યુએ દિવાળી પહેલાં આર્થિક રીતે પાયમાલ કરવાની શરુઆત કરી છે. જિલ્લાના મોડાસા, બાયડ, મેઘરજ, ભિલોડામાં શંકાસ્પદ ડેગન્યુના રોગચાળાએ દવાખાના - હોસ્પિટલોમાં હાઉસફુલની સ્થિતિ લાવી દીધી છે. માત્ર મોડાસા - બાયડ તાલુકામાં જ ૪૭૦ થી વધુ ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ હોવાનું ખાનગી તબીબો જણાવી રહ્યા છે. અત્યાર સુધીમાં જેન્ગ્યુ ૩ જણને ભરખી ગયો છે. પરંતુ ડેન્ગ્યુના અટકાયતી પગલાં ભરવામાં ભારો ભાર ઉપેક્ષા જોવા મળે છે. તંત્ર ડેન્ગ્યુ તથા અન્ય મચ્છરોના ઉપદ્રવને નાખવામાં નિષ્ફળ રહેશે તો દશેરાથી દિવાળી સુદીમાં ડેન્ગ્યુ હાહાકાર મચાવી શકે છે.

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧